દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
મંગળવાર ૧૪ જુલાઈ, ૨૦૨૬

# ચીનનો મેડોગ બંધ ભારત માટે નવી ચિંતા ઉભી કરી રહ્યો છે

ભારત માટે નવી નવી મુશ્કેલીઓ ઉભી કરવી એ ચીન માટે કોઇ નવી વાત નથી. તેણે કેટલાક સમય પહેલા ભારતની સરહદ નજીક એક વિશાળ બંધ બાંધવાનું કામ શરૂ કર્યું છે. આ બંધ ભારત માટે શરૂઆતથી ચિંતાનું કારણ બન્યો છે કારણ કે ભારતને ચિંતા છે કે વધારે શત્રુતા પ્રવર્તતી હોય તેવા સંજોગોમાં ચીન આ બંધનો ઉપયોગ ભારત વિરુદ્ધ કરી શકે છે કારણ કે ચીનના તિબેટના પ્રદેશમાંથી બ્રહ્મપુત્રા નદી ભારતીય પ્રદેશમાં થઇને વહે છે અને ચીન બંધમાંથી વધુ પડતું પાણી છોડે તો ભારતીય વિસ્તારોમાં પૂર આવી શકે છે. હવે આ બંધે એક નવી ચિંતા ભારત માટે ઉભી કરી છે. ચીનના સરકારી ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણ સાથે જોડાયેલા ભૂસ્તરશાસ્ત્રીઓના એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, તિબેટમાં બ્રહ્મપુત્રા નદી પર નિર્માણાધીન ‘મેડોગ હાઇડ્રોપાવર સ્ટેશન’ એક સક્રિય ફોલ્ટ લાઇન પર આવેલું છે. આનાથી વિશ્વના આ સૌથી મોટા હાઇડ્રોપાવર પ્રોજેક્ટની માળખાકીય સુરક્ષાને લઇને નવી ચિંતાઓ ઊભી થઇ છે. આ ડેમ અરુણાચલ પ્રદેશ સાથેની ભારતની સરહદથી માત્ર 50 કિમી દૂર છે. અને ભૂકંપના સંજોગોમાં જો બંધને મોટું નુકસાન થાય તો ભારતીય પ્રદેશમાં પણ કરૂણાંતિકાઓ સર્જાઇ શકે છે.

મેડોગ કાઉન્ટીમાં બની રહેલો આ ડેમ થોડા સમય પહેલા ત્યારે પણ ચર્ચામાં આવ્યો હતો જ્યારે એવો વિવાદ શરૂ થયો કે શું ચીન ભારતમાં વહેતી બ્રહ્મપુત્રા નદીના પ્રવાહને નિયંત્રિત કરી શકે છે. આ વિવાદ ભારતે પાકિસ્તાન સાથેની ‘સિંધુ જળ સંધિ’ સ્થગિત કર્યા બાદ સામે આવ્યો હતો. બેઇજિંગ અને ઇસ્લામાબાદ તેમના સંબંધોને લોખંડી અને સદાબહાર મિત્રતા ગણાવે છે અને એવી ચિંતા ઉભી થઇ હતી કે જો પાકિસ્તાન માટે ભારત સિંધુ નદીનું જળ અટકાવે તો ચીન ભારત માટે બ્રહ્મપુત્રાનું પાણી અટકાવી શકે છે. હવે આ બંધ ભૂસ્તરશાસ્ત્રીય રીતે ભારત માટે ચિંતા સર્જી રહ્યો છે. ‘સાઉથ ચાઇના મોર્નિંગ પોસ્ટ’ (SCMP) ના અહેવાલ મુજબ, સરકારી માલિકીના ‘ચાઇના જીઓલોજિકલ સર્વે’ની દેખરેખ હેઠળ ‘સેડિમેન્ટરી જીઓલોજી એન્ડ ટેથયન જીઓલોજી’ જર્નલમાં મેન્ડરિન ભાષામાં પ્રકાશિત થયેલા એક સંશોધન પત્રને ટાંકીને સંશોધકોએ જણાવ્યું છે કે, તિબેટમાં જે નદી ‘યારલંગ ત્સાંગપો’ તરીકે ઓળખાય છે (જે ભારતમાં બ્રહ્મપુત્રા છે) તેના પર બંધાતા મેડોગ ડેમ સાઇટની બરાબર નીચે એક સક્રિય ‘પાઇઝેન ફોલ્ટ’ હોવાનું જણાયું છે.‘ચેંગદુ યુનિવર્સિટી ઓફ ટેકનોલોજી’, ‘સિવિલ-મિલિટરી ઇન્ટિગ્રેશન સેન્ટર ઓફ ધ ચાઇના જીઓલોજિકલ સર્વે’ અને ‘મિડલ યારલંગ ઝાંગબો રિવર નેચરલ રિસોર્સિસ ઓબ્ઝર્વેશન એન્ડ રિસર્ચ સ્ટેશન’ ના ભૂસ્તરશાસ્ત્રીઓ દ્વારા કરવામાં આવેલા આ અભ્યાસમાં ચેતવણી આપવામાં આવી છે કે આ ફોલ્ટ લાઇન આ મેગા-ડેમની માળખાકીય સ્થિરતાને ગંભીર નુકસાન પહોંચાડી શકે છે.

મેડોગ હાઇડ્રોપાવર સ્ટેશન એ તિબેટની મેડોગ કાઉન્ટીમાં યારલંગ ત્સાંગપો નદી (ભારતમાં બ્રહ્મપુત્રા) પર આયોજિત 60,000 મેગાવોટનો ‘રન-ઓફ-ધ-રિવર’ હાઇડ્રોઇલેક્ટ્રિક પ્રોજેક્ટ છે. પશ્ચિમ તિબેટમાં આંગસી ગ્લેશિયરમાંથી નીકળતી યારલંગ ત્સાંગપો નદી ચીનના નિયંત્રણ હેઠળના તિબેટ વિસ્તારમાં 1,625 કિમીની મુસાફરી કરે છે અને ‘નામચા બારવા’ શિખર નજીક મોટો વળાંક લઇને ભારતમાં પ્રવેશે છે. ત્યારબાદ, બ્રહ્મપુત્રા તરીકે તે ભારતમાં 918 કિમી અને બાંગ્લાદેશમાં બીજી 337 કિમી વહે છે, જ્યાં તેને ‘જમુના’ કહેવામાં આવે છે, અને અંતે તે બંગાળની ખાડીમાં ભળી જાય છે. 1 ટ્રિલિયન યુઆન (આશરે $137 બિલિયન) થી વધુના અંદાજિત ખર્ચ સાથે, આ પ્રોજેક્ટ વિશ્વની સૌથી મોટી હાઇડ્રોપાવર સુવિધા બનવા જઈ રહ્યો છે, જે વાર્ષિક આશરે 300 બિલિયન કિલોવોટ-અવર વીજળી ઉત્પન્ન કરશે, જે થ્રી ગોર્જીસ ડેમ (Three Gorges Dam)ના ઉત્પાદન કરતાં લગભગ ત્રણ ગણુ છે. ચીન દ્વારા ડિસેમ્બર 2024 માં આ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી હતી, જુલાઈ 2025 માં તેનું નિર્માણ શરૂ થયું હતું અને 2033 સુધીમાં તેનું વ્યાવસાયિક સંચાલન શરૂ કરવાનું લક્ષ્ય છે. પરંતુ જો ચીની સરકાર સંબંધી સંશોધકોનું માનીએ તો, આ વિશાળ ડેમ એક રીતે ભૂસ્તરશાસ્ત્રીય ટાઈમ બોમ્બ જેવો છે. ચાઇનીઝ ભૂસ્તરશાસ્ત્રીઓએ તારણ કાઢ્યું છે કે વિશ્વના આ સૌથી મોટા જળવિદ્યુત પ્રોજેક્ટની બરાબર નીચે આવેલી એક સક્રિય ફોલ્ટ લાઇન છે, જે તિબેટની યારલંગ ત્સાંગપો (બ્રહ્મપુત્રા) નદી પર હાલમાં બની રહેલા મેગા-ડેમ માટે જોખમ ઊભું કરી રહી છે. વૈજ્ઞાનિકોએ જણાવ્યું હતું કે પૂર્વીય હિમાલય ક્ષેત્રમાં પૃથ્વીના પોપડામાં રહેલી આ તિરાડ, આ વિશાળ હાઇડ્રોપાવર પ્રોજેક્ટના માળખાકીય સુરક્ષાને નોંધપાત્ર રીતે અસર કરશે. સરકારી ચાઇના જીઓલોજિકલ સર્વેની દેખરેખ હેઠળ ચાઇનીઝ ભાષાના જર્નલ ‘સેડિમેન્ટરી જીઓલોજી એન્ડ ટેથયાન જીઓલોજી’માં ગયા મહિને પ્રકાશિત થયેલા એક સંશોધન પત્રમાં, વૈજ્ઞાનિકોની ટીમે ઇજનેરોને ભૂસ્ખલન અને પહાડો તૂટી પડવાના જોખમને ઘટાડવા માટે ઢોળાવની સ્થિરતા મજબૂત કરવા અને પ્રોટેક્શન વોલ બનાવવાનું સૂચન કર્યું છે. ચીની સરકાર હવે આ નિષ્ણાતોની ભલામણો પર અમલ કરે છે કે નહીં તે જોવાનું રહે છે. આ બંધની કોઇ પણ દુર્ઘટના ચીનને પોતાને તો નુકસાન કરી જ શકે છે તેથી તે કંઇ કરશે તો ખરું જ, પરંતુ ભારત તરફે થનારા નુકસાનની સંભાવનાઓ બાબતે તે બેદરકાર પણ રહી શકે છે, આથી જ ભારતે આંતરરાષ્ટ્રીય સ્તરે અવાજ ઉઠાવીને પણ ચીનને તેની જવાબદારી પ્રત્યે સભાન કરવું જરૂરી છે.

## ચર્ચાપત્ર
charchapatra@gujaratmitra.in

### આવા કાચા રસ્તા શું કામના?

એક જ દિવસમાં ચાર ઈંચ વરસાદે સુરતના રસ્તાઓ બેહાલ કરી મૂક્યા. ઠેકઠેકાણે રસ્તા બેસી ગયા. ખાડા પડ્યા. ચાર ચક્રિય વાહન અને ટ્રક સુધ્ધાં રસ્તો બેસી જતાં ફસાઈ ગઈ! આ સ્માર્ટસીટીના આ હાલ? હજુ તો પ્રથમ રાઉન્ડ વરસાદનો શરૂ થયો છે! દર વર્ષે લગભગ આ જ પરિસ્થિતિ વર્ષાઋતુ દરમિયાન ઉપસ્થિત થાય છે. શું કોઈ ઉપાય જ નથી? જરાક વધારે વરસાદ આવે એટલે ગરનાળામાંથી પસાર થવું પણ ભારે પડી જાય! પ્રજા ખુલ્લી ગટરમાં ગરક થતાં બચી જાય! ગટર ક્યાં છે અને ખુલ્લી છે કે બંધ એ ખબર જ ન પડે? આવા કાચા રસ્તા કેમ બંધાય છે? શું એમાં વપરાતું મટીરીયલ બરાબર ન હશે? રસ્તો બનાવનાર ઈજારદારને જવાબદાર ન ગણી શકાય? બધું લોલમલોલ જ ચાલે છે? તંત્રે જવાબદારીપૂર્વક બધી જ તપાસ કરવી જોઈએ, દર વર્ષે રસ્તા તૂટી જાય, બેસી જાય, ભૂવા પડે એ ક્યાંનો ન્યાય? સુરતની પ્રજા સહનશીલ છે એટલે બધું સહન કરે! સમય જતાં પ્રજા ભૂલી પણ જાય કે કેટલી મુશ્કેલી વરસાદમાં વેઠેલી!

સુરત - નેહા શાહ

### ગામની દીકરીઓનું સ્નેહમિલન... એક સામાજિક ક્રાંતિ

આજકાલ ગુજરાતમાં ઘણા શહેરોમાં દીકરીઓના સ્નેહમિલનની શરૂઆત થઈ છે. સાસરે ગયેલી દીકરીઓ ગામમાં કે શહેરોમાં એક દિવસ ભેગી થાય છે અને મળે છે.અલક-મલકની વાતો કરે છે. રાસ,ગરબા, ગીતો, અંતાક્ષરી,નૃત્ય રમતો રમી ખુશીઓથી છલકાઈ છે.આ સ્નેહમીલન માં આરોગ્ય અને સામાજિક જાગૃતિની વાતો થાય છે. એકબીજાનો પરિચય ગાંઠ બને, નવું જાણે, સંપર્ક વધે, શિક્ષણ જાગૃતિ ને સંગઠન અને સંસ્કારની થીમ પર કાર્યક્રમ ગોઠવાય છે. સંતાનોના સગપણ નાના-મોટા બિઝનેસ અને ખુશી વેચાય છે. આજકાલ સુરતમાં પણ આવો ટ્રેન્ડ ચાલ્યો છે. આ સામાજિક મેળાવડા માં જવું એ જીવનની પાઠશાળામાં જવા જેવું છે. ધંધો વ્યવસાય અને ગૃહ ઉદ્યોગ કરતી બહેનોને વધુ સપોર્ટ મળશે.આ સ્ત્રી સશક્તિકરણ માટેનું નવું માધ્યમ બનશે. તેની પ્રગતિ થશે. એ ઊંચી ઉડાન ભરશે. બદલાતા સમય સાથેનો તાલમેલ ટ્રેન્ડ એક સામાજિક ક્રાંતિ લાવશે. નવો વિચાર નું કેન્દ્ર અને સામાજિક એકતા વધશે.ગામની દરેક પરિવારને બહેનો ભેગી થઈ સંભારણા ઘરે લઈ જશે આ સ્નેહ મિલનમાં જ્યારે દીકરી ઘરની દીવાદાંડી છે ત્યારે પોતાનું ગામ શાળા, શિક્ષકો, મિત્રો, અને ગામની ભણેલી દીકરી નું સન્માન થાય અને બાળપણ નો પ્રેમ સાથે ની સખી સંગાથે ખુશીથી ઝુમશે. આમ સામાજિક જાગૃતિની એક જ્યોત પ્રગટ થશે.

સુરત - પ્રેક્ષક યોગેન્દ્ર પટેલ

### ખાડા મુક્ત રસ્તા: ભારત ક્યારે બનશે અકસ્માતમુક્ત?

ચોમાસાની શરૂઆત થતાં જ દર વર્ષે આપણા દેશના કરોડો નાગરિકો માટે એક જ યક્ષ પ્રશ્ન સામે આવીને ઊભો રહે છે કે “રસ્તામાં ખાડા છે કે ખાડામાં રસ્તો?” ડિજિટલ ઈન્ડિયા, બુલેટ ટ્રેન અને મેગા સિટીઝના આ યુગમાં પણ આપણે આપણા નાગરિકોને એક ચોમાસામાં ટકી શકે તેવા સુરક્ષિત અને ખાડામુક્ત રસ્તા આપી શક્યા નથી, જે ખૂબ જ ખેદજનક બાબત છે. આજે રસ્તા પરના ખાડા માત્ર વાહનોને નુકસાન નથી પહોંચાડતા, પરંતુ તે નિર્દોષ નાગરિકો માટે “જીવલેણ છટકું” સાબિત થઈ રહ્યા છે. દર વર્ષે હજારો લોકો રસ્તાના ખાડાને કારણે થતા અકસ્માતોમાં પોતાનો જીવ ગુમાવે છે અથવા આજીવન અપંગ બની જાય છે. કોઈકનો જુવાનજોધ દીકરો, કોઈકનો ઘરનો કમાતો વડીલ કે કોઈ ગર્ભવતી મહિલા આ ખાડાઓનો ભોગ બને ત્યારે તંત્રની નબળી કામગીરી સામે લોહીના આંસુએ રોવાનો વારો આવે છે. સૌથી મોટો સવાલ એ છે કે કરોડો રૂપિયાના ટેન્ડરો બહાર પાડવા છતાં અને નાગરિકો પાસેથી મસમોટો ‘રોડ ટેક્સ’ વસૂલવા છતાં પહેલા જ વરસાદમાં રસ્તા કેમ ધોવાઈ જાય છે? આ પાછળ કોન્ટ્રાક્ટરોની નબળી ગુણવત્તાવાળી સામગ્રી, ભ્રષ્ટાચાર અને તંત્રની દેખરેખનો અભાવ સ્પષ્ટપણે જવાબદાર છે. રસ્તા બન્યાના ગણતરીના મહિનાઓમાં જ મેટલિંગ ઉખડી જાય છે અને ભુવા પડી જાય છે. એન્જિનિયરિંગ આટલું આધુનિક હોવા છતાં ટેકનોલોજીનો સાચો ઉપયોગ કેમ નથી થતો? ભારત સાચા અર્થમાં ‘ખાડામુક્ત’ ત્યારે જ બનશે જ્યારે નાગરિકો તરીકે આપણે પણ જાગૃત થઈને માત્ર સોશિયલ મીડિયા પર ફોટા મૂકવાને બદલે સક્ષમ ઓથોરિટી કે એપ દ્વારા લેખિત ફરિયાદો કરવી જોઈએ. જ્યાં સુધી ભ્રષ્ટાચારમુક્ત સિસ્ટમ અને ઈચ્છાશક્તિ નહીં કેળવાય, ત્યાં સુધી ખડામુક્ત ભારતનું સપનું અધૂરું રહેશે. આશા રાખીએ કે સંબંધિત તંત્ર કુંભકર્ણની નિદ્રામાંથી જાગશે અને નાગરિકોના જીવની કિંમત સમજશે.

સુરત - સુરતી નીતિન જશવંતભાઈ

### વહેતી નદી જેવી બદીઓ, સદીપાર

દેહ વેપાર, નશીલા પદાર્થોનું સેવન, માનવતસ્કરી, આર્થિક ઉઠમણાં, સટ્ટા, છેતરપિંડી, સાહિત્યની નકલખોરી, વીજળી ચોરી, પક્ષપલટુઓ, ભગવાનના નામે ચોરી વગેરે આપણા દેશમાં થઈ રહી છે. માણસ મશીન બનાવતો થયો.. ત્યાં સુધી બધું બરાબર લાગ્યુ. પરંતુ હવે એક નવું પ્રકરણ ઉમેરાયું છે એ..AI જેમાં..મશીને જ માણસને બદલી નાખ્યો છે. ખરેખર ખૂબ જ દુ:ખ સાથે કહેવું પડે છે કે, ક્યાં સુધી આમને આમ આધુનિકરણ અને વિકાસની આંધળી દોટમાં ભટકી રહેલો પારિવારિક જવાબદારીઓથી વિમુખ થયેલા સત્તાધારીઓ ગુજરાતના આવા બેજવાબદારો અને સત્તાભૂખ્યા નેતાઓની વ્યાખ્યાને સમાંતર સમયે આવનારા સમયમાં જાકારો આપી શકાય તો જ ખરેખર મા ભારતીના અને મહાત્માના આત્માને પરમ શાંતિ મળશે. તમને શું લાગે છે. અંતરાત્માને પૂછશો ખરાં?

સુરત - પંકજ શાંતિલાલ મહેતા

### અભિનેત્રી કમ ગાયિકા - ટુનટુન

પોતાની પાંચ દાયકાની ફિલ્મી સફરમાં 198 ફિલ્મોમાં અભિનય કરનાર અને જેનું એક ગીત અફસાના શીખ રહી હું આજે પણ લોકપ્રિય છે, એ ગીત ઉપરાંત બીજા પણ 1950ની આસપાસની ફિલ્મોના લોકપ્રિય ગીતોની ગાયિકા,ટુનટુનનો જન્મ 11/7/1923ના રોજ થયો હતો.જન્મનું નામ ઉમાદેવી ખત્રી,નાનપણમાં માતાપિતા અને ભાઈના અપમ્રુત્યુથી અનાથ ટુનટુન સગાના સહારે મોટી થઈ પોતાની એક સહેલી સાથે મુંબઈ આવી.મુંબઈ સંગીતકાર નૌશાદને ધમકીભર્યા સૂરે કહ્યુ યા તો ફિલ્મોમાં ગીત ગવડાવો નહી તો આપઘાત કરું છું.નૌશાદે ટુનટુન પાસે ગવડાવેલું અફસાના શીખ રહી હું હીટ થયુ. 500 રૂપિયા માસિક પગાર સાથે નિર્માતા કારદાર સાથે કરાર થયા. અપાર લોકપ્રિયતા મળી. અખ્તર કાઝી સાથે લગ્ન થયા. નવી,વધુ સુરીલી ગાયિકાઓના આગમન સાથે ટુનટુનને કામ મળતું બંધ થતા નૌશાદે અભિનયનો પ્રસ્તાવ મુકતા દિલીપકુમારના એકતરફી પ્રેમમાં પડેલી ટુનટુને સ્વીકારી લીધો.મેદસ્વી શરીર,અનુરૂપ પાત્રચિત્રણ અને કોમેડીના ટાઈમિંગે ટુનટુનને કામ,નામ અને દામ અપાવ્યા.બધાને હસાવનાર બોલિવૂડની પહેલી કોમેડિયન ટુનટુનનું અવસાન 24/11/2003ના રોજ 80 વર્ષની ઉંમરે થયુ હતુ.

સુરત - સુરેન્દ્ર દલાલ

## વહેંચવાનું શરૂ કરો

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

એક દિવસ ગુરુજીએ શિષ્યોને કહ્યું, ‘‘આજે આપણે બધા ચા સાથે પીશું...’’

શિષ્યોને નવાઈ લાગી કે આશ્રમમાં દૂધ પીવું ફરજીયાત હતું અને ચા તો માત્ર મુલાકાતીઓ માટે જ બનતી.

ગુરુજી અને બધા શિષ્યો માટે ચા બની. મોટી કીટલીમાં આવી અને ગુરુજીએ સૌથી પહેલાં કીટલીમાંથી પોતાના કપ રકાબીમાં ચા ભરવી શરૂ કરી.ગુરુજીએ કપમાં ચા રેડી ....ચા થી કપ આખો ભરાઇ ગયો... ચા કપમાંથી બહાર ઉભરાઈને રકાબીમાં પડી ...રકાબી પણ ભરાવા લાગી ....પણ હજી ગુરુજી અટકતા ન હતા ચા રેડી જ રહ્યા હતા...રકાબીમાંથી ચા ઢોળાવાની જ હતી ત્યાં એક શિષ્યે ગુરુજીના હાથમાંથી કીટલી લેતાં કહ્યું, ‘‘ગુરુજી, ચા ઢોળાશે ...’’ ગુરુજી બોલ્યા, ‘‘અરે, આખો ચાનો કપ ભરાઇ ગયો અને રકાબી પણ ઉભ... હવે શું કરીશું.’’ એક શિષ્યે કહ્યું, ‘‘ગુરુજી, કપ બાજુ પર મૂકો અને રકાબીની ચા પહેલાં પી લો...’’ગુરુજી બોલ્યા, ‘‘પણ ચા ઢોળાશે તેનું શું?’’ બીજો શિષ્ય બોલ્યો, ‘‘ગુરુજી થોડી ચા તો ઢોળાશે, આખો કપ છલોછલ ભરેલો છે એટલે ..’’ ગુરુજીએ બીજો કપ અને રકાબી લીધી અને છલકાતાં કપમાંથી થોડી ચા બીજા કપમાં ભરી લીધી અને છલકાતો કપ બીજી રકાબીમાં મૂક્યો જેથી કંઈ ખરાબ ન થાય અને છલોછલ ભરેલી રકાબીમાંથી ત્રીજો કપ ભરી લીધો....બધા શિષ્યોને ચા આપી. શિષ્યો સમજી ગયા કે ગુરુજી કૈંક સમજાવવા માંગે છે. ગુરુજી બોલ્યા, ‘‘શિષ્યો, હવે મારી વાત ખાસ સમજજો. જયારે તમારા કપમાં ચા ઊભરાય ત્યારે મેં કર્યું તેમ કરજો...છલોછલ ઉભરાતા કપમાંથી ચા રકાબીમાં પડે તો રકાબીમાંથી ચા પીવાની શરૂઆત ન કરાય...બીજા કપ ભરી દેવાય.ચા વધારે હોય તો બીજા કપમાં ભરીને બીજા સાથે વહેંચી શકાય અને આ વહેંચવાનો નિયમ હંમેશા જીવનમાં દરેક વસ્તુને લાગુ પડે છે તે યાદ રાખજો.’’ શિષ્યોએ કહ્યું, ‘‘ગુરુજી, બરાબર સમજાવો ને...’’ ગુરુજીએ કહ્યું, ‘‘શિષ્યો, આજે કપમાં ચા ઉભરાઈ હતી તેમ તમારા જીવનમાં ભગવદ્ કૃપાથી જયારે જયારે એવા સંજોગો આવે કે તમારી પાસે પૈસા, સમૃદ્ધિ, ખુશી, જ્ઞાન કૈંક તો વધુ ને વધુ મળે, ઉભરાય ત્યારે આ સતત ઉભરાતી સમૃધ્ધિ, ખુશી, જ્ઞાનને બીજા સાથે વહેંચવાનું શરૂ કરજો અને વધુમાં વધુ લોકોને તેનો આનંદ આપવા સાથે લઈને આગળ વધજો.જયારે જયારે ઈશ્વર જે કંઈ વધુ આપે તે બધું પોતે ઉપયોગમાં ન લેતાં બીજાને વહેંચવું જરૂરી છે.’’ ગુરુજીએ એક ચા ના કપ સાથે સુંદર પાઠ સમજાવ્યો.

# સંસ્કાર તો આપણે ઘરે પણ આપી શકીએ, શાળામાંથી તો બધી આશા ન રાખીએ

## શિક્ષણ-સંસ્કાર
કાર્તિકેય ભટ્ટ

**શિક્ષક દરેક વિદ્યાર્થીને વ્યક્તિગત ભણાવતો નથી તો તેની વ્યક્તિગત બાબતોનું ધ્યાન ક્યાંથી રાખે?**

નવું શૈક્ષણિક સત્ર શરૂ થઈ ગયું છે. પ્રાથમિકમાં પ્રવેશ માટે બાળકનાં માતા-પિતા જબરી ગડમથલ અને ખેંચતાણ વચ્ચે નિર્ણય લેતા હોય છે. અંગ્રેજી માધ્યમ -ગુજરાતી માધ્યમ, સરકારી શાળા- ખાનગી શાળા.

જાતજાતના વિકલ્પો એમાં ધાર્મિક સમ્પ્રદાય દ્વારા ચલાવાતી સ્કૂલો જ્યાં અનુયાયીઓ વધુ રૂપિયા આપીને બાળકોને ભણવા મૂકે છે અને દલીલ કરે છે કે બાળકમાં સંસ્કાર પણ આવે.

જુદી જુદી વિભાવનાવાળા શબ્દો એક અર્થમાં વાપરવા અને તમામ બાબતોનું સરળ સામાન્યીકરણ કરવું તે આપણી નબળાઈ છે. જેમ કે “સંસ્કાર” અને “ટેવ” વચ્ચે તફાવત છે. રૂઢી -પરમ્પરા અને સંસ્કૃતિ વચ્ચે પણ તાત્ત્વિક ભેદ છે. પણ આપણે રોજબરોજની વાતચીતમાં આ બધું ભેગું કરી નાખીએ છીએ.

એક તો ભારતમાં ઔપચારિક શિક્ષણ શરૂ થયાના આટલાં વર્ષ પછી પણ આપણે એવું ઈચ્છીએ છીએ કે બાળકોને શાળામાંથી સારા સંસ્કાર મળે! હવે આ શિક્ષણવ્યવસ્થામાં શિક્ષણ માંડ માંડ મળે છે તો સંસ્કાર ક્યાંથી મળે! ન મળે એવું નથી પણ મળે ખરા અને ના પણ મળે. શિક્ષક દરેક વિદ્યાર્થીને વ્યક્તિગત ભણાવતો નથી તો તેની વ્યક્તિગત બાબતોનું ધ્યાન ક્યાંથી રાખે? હા, ઘણા એવું માને છે કે સારી સારી વાર્તાઓ કહેવાથી બાળકોમાં સંસ્કાર આપોઆપ આવે ...જો આવું માનતા હો તો તે ભૂલભરેલું છે. ખરેખર તો આપણે સંસ્કાર અને ટેવનો ભેદ સમજવાની જરૂર છે. જે બાબત પ્રયત્નપૂર્વક શીખવાડવામાં આવે છે તે ટેવ છે. બાળક એ ગમે કે ના ગમે કરે છે, મન જુદી દિશામાં હોય અને વર્તન જુદી દિશામાં હોય તે ટેવમાં બની શકે છે. ટેવ મોટે ભાગે બાહ્ય વર્તન છે, જે જોઈ શકાય છે ઔપચારિક છે. જયારે સંસ્કાર એ અનાયાસે વર્તનમાં પ્રગટે છે, જેમાં એક માનવકલ્યાણનો વિચાર હોય છે તેમાં સદ્ગુણ હોય છે. બાળક જગતના નિરીક્ષણમાંથી અનાયાસે જ સારાનરસાનો ભેદ સમજવા માંડે છે. તે સંસ્કાર છે. તેને સૂચિત ના કરો તો પણ તે મુજબ વર્તે છે.

શક્ય છે કે ટેવ લાંબા ગાળે સંસ્કારમાં પરિવર્તિત થાય અને સંસ્કાર મુજબ વર્તનની માણસને ટેવ પડે એટલે ભેદ ટૂંકા ગાળાનો અને આયાસ, અનાયાસનો છે પણ શરૂઆતના તબક્કે અને શીખવાડવાની પદ્ધતિના સંદર્ભે તો ટેવ અને સંસ્કાર જુદા જ છે. હવે મુદ્દો એ છે કે સંસ્કાર આપવાનું કામ સ્કૂલનું જ છે? શું સંસ્કાર માત્ર શાળામાંથી જ મળે? ના, કદાચ સારી સ્કૂલમાંથી બાળક સારી ટેવો શીખે અને આ ટેવો જ લાંબા ગાળે તેના સહજ સંસ્કાર બને પણ બાળકનું સહજ અને સમગ્ર વર્તન તો આખું સામાજિક પર્યાવરણ નક્કી કરે છે અને તેમાં મોટો ભાગ ઘર પરિવારનો છે. ખાસ કહીએ તો ઘરનાં વડીલો કઈ રીતે વર્તે છે, શું વિચારે છે, શું કરે છે તે જોતાં જોતાં બાળક ઘડાય છે. આપણે એવું માનીએ કે બાળકને તો જેવું શીખવાડીએ તેવું તે શીખે તો તે ભૂલભરેલું અને અર્ધ સત્ય છે. બાળક સતત આપણને જોતું હોય છે. આપણાં વાણી વર્તનને જોતું હોય છે. ધ્યાન રાખતું હોય છે. આપણે બાળકને ભલે કહીએ કે સાચું બોલવું, ચોરી ના કરવી, નફરત અને ગુસ્સો સારા નહિ વગેરે પણ જો આપણે જ તેની હાજરીમાં અન્ય સાથેની વાતમાં જુઠ્ઠું બોલતાં હોઈએ, વારે વારે ગુસ્સો કરતા હોઈએ, ચોરી તો ડગલે ને પગલે હોય, નફરત અને હિસ્સાનું પ્રમોશન હોય તો બાળક આ નહીં કહેવાયેલી વાતો જ ગ્રહણ કરશે. કારણ તે આપણાં, વડીલોના વર્તનમાં તેણે જોઈ છે.

આજના સમયમાં સંગત ,મિત્રતા બાળકના ઘડતરમાં મોટો ફાળો આપે છે. જાણ્યે-અજાણ્યે બાળક રોલ મોડલ નક્કી કરે છે. તેને તેનો તોફાની મિત્ર સારો લાગે છે. તે તેની સિગારેટ ફૂંકવાની સ્ટાઈલથી મોહિત છે. ક્યારેક મિત્ર નહિ તો મિત્રનાં મા બાપ બાળકના મનમાં રોલ મોડેલ બને છે. ગાડીવાળા , એક ફોન પર કામ પતી જાય એવો વટ રાખનારા બાપા .....બાળકના મનમાં ક્યાં ક્યાંથી મુદ્દા આવે છે એટલે તે માત્ર શાળામાં જ બધું શીખશે .. સ્કૂલ જ તેને સંસ્કારી બનાવશે એ વાત ભૂલી જજો અને આ વેકેશનમાં તે જ્યારે ઘરે હોય. આપણી સાથે હોય ત્યારે આપણે જ સારું વર્તન કરવું, જેથી તેનામાં સારા સંસ્કાર પડે. ઘરમાં સ્ત્રીઓને સન્માન આપો, સફાઈ કામદારો અને કામ કરનારા સાથે આદરથી વર્તો. સામાન્ય વાતચીતમાં નફરત અને હિંસાને વ્યાજબી ના ઠેરવો. વડીલ આવ્યા પગે લાગો ...ચલો અંકલ ને શ્લોક સંભળાવો .... હાથ ધોયા વગર જમવા ન બેસો ..રમીને આવો તો હાથ પગ ધોવો ... આ બધી ટેવ છે જે આયાસપૂર્વક બાળકને શીખવી શકાય છે પણ શ્રમનું ગૌરવ ..માનવ મૂલ્યોનો આદર ..સમાનતા અને નિર્ણયની સ્વતંત્રતા જેવા સદ્ગુણો તો આપણા વર્તનમાં હશે તો બાળકના વર્તનમાં આવશે....કહેવત છે ને કૂવામાં હોય તો હવાડામાં આવે ....બધું સ્કૂલમાંથી નહીં આવે, થોડું ઘર પરિવારમાંથી આપવાનું રાખો .. ...સંસ્કારી રહો તો સંસ્કાર આપોઆપ આવશે.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# રુક જા રાત ઠહર જા રે ચંદા...!

## મંગલ મસ્તી
રમેશભાઈ ચાંપાનેરી ‘રસમંજન’



**એ તો સારું છે કે, કુદરત આવી પુકાર સાંભળતો નથી, બાકી સીધા સાદાની તો પથારી ફરી જાય, રાત અને ચાંદ બંને ‘ફ્રીઝ’ થઈ ગયા તો સુરજ પણ અટવાઈ જાય..!**

પ્રેમમાં પડેલાં પંખીડાં પણ ક્યારેક તો comedy shaw કરતા હોય તેવા...! હાથમાં તાજી મહેંદી લાગી હોય, કાંકણ-ચૂડી હાથમાંથી હજી ઊતરી ના હોય, એવી રાતે ચાંદ જોઈને ગેલમાં આવી જાય. રાત અને ચાંદ જાણે એમના ફૂવાજીના સાળાની (ફાધરની) મિલકત હોય એમ, ઊંચા હાથ કરીને કાકલુદી કરે, ‘ રુક જા રાત ઠહર જા રે ચંદા, બીતે ના મિલનકી બેલા..! એના કપાળમાં કાંદા ફોડું...! લતાદીદીના કંઠમાંથી નીતરેલું આ ગીત સાંભળે એટલે, ‘રોમેન્ટિક’ લહેરખી આવી જાય..! એ તો સારું છે કે, કુદરત આવી પુકાર સાંભળતો નથી, બાકી સીધા સાદાની તો પથારી ફરી જાય, રાત અને ચાંદ બંને ‘ફ્રીઝ’ થઈ ગયા તો સુરજ પણ અટવાઈ જાય..! ગાયકીમાં એવું ઝીણું ભરતકામ થયું છે કે, એનો અવાજ પડે એટલે, સૂકા બાવળમાં પણ કૂંપળ ફૂટવા માંડે..! લોકોનાં જુનાં ખરજવાં પણ ઉભરવા માંડે. જુના ફૂટેજ હાથમાં આવી ગયા હોય, એમ કાનમાં ઘંટડી રણકતી થઇ જાય..! જુનાં ગીતોની એવી કમાલ છે દાદૂ..! એવા ગીતકારોને ઊભા થઈને ‘સેલ્યુટ’ કરવી પડે બોસ..! એ લોકોએ એવા એવા ગીત કાઢેલાં કે, વાંદરીપાના જેવા..! જ્યાં ફીટ કરવું હોય ત્યાં ફીટ થઇ જાય. આશિકો તો ઠીક, ખખડેલાં પણ ગળફા કાઢતાં થઇ જાય કે, ‘યાઆઆહુ....ચાહે કોઈ મુઝે જંગલી કહે...!’ ખખડતા થઇ જાય બોસ..!

આ બધામાં ચમનિયો થોડો નોખો..! એને એકદમ લાગી હોય ત્યારે પોતાના શરીર માટે આ ગીત લલકારે કે, ‘ રૂક જા રાત ઠહર જા રે ચંદા..! જોરથી લાગી હોય, આજુબાજુ ભૂમિદાન કરવાની જગ્યા દેખાતી ના હોય ત્યારે, બિચારો બેબાકળો બની જાય કે, ‘જાઉં કહાં બતાયે દિલ, દુનિયા બડી હૈ સંગદિલ..!’ કથળતી ચાલ જોઈને આપણે ગૂંચવાઈ જઈએ કે, આ બરમુડો કથકલી કરવાનો કે શું..? માણસની ગમે એવી ઊંચી પદ પ્રતિષ્ઠા હોય, પણ કુદરતી ચેષ્ટા આગળ પામર માનવી લાચાર બની જાય. જેને એકદમ ‘લાગી’ હોય એને જ એ સમજાય. વળી લાગે ત્યારે ઉકેલ લાવવા જાતે જ જવું પડે, પ્રોક્ષી પણ નહિ ચાલે..! કલ્પના કરો કે, જેને એકદમ લાગી હોય, વોશરૂમનું સરનામું જડતું ના હોય અને જડ્યું હોય તો અંદર કોઈ પહેલેથી જ ભરાઈને કાર્યક્રમ સંપન્ન કરતો હોય ત્યારે જાતકની કેવી વલે થતી હશે? વ્હોટશેપની માફક થોડી-થોડી વારે ચેક કર્યા કરવું પડે, કે મામલો કાબૂ બહાર તો ગયો નથી ને..? વિદેશમાં ભલે બધું સરસ હોય, પણ ફરવા ગયા ને જો એકદમ ‘લાગે’ તો ભારે માથાકૂટ..! આપણા પૈસા-ભાષા અને બુદ્ધિ તો કામ આવે જ નહિ, પણ ટચલી આંગળી કાઢી બતાવે તો પણ કોઈ નહિ સમજે..! પાણી બહાર જમીન ઉપર ફેંકાયેલી માછલી જેવી હાલત થઇ જાય..! ટાંટિયા લાઈન દોરી છોડવા માંડે. માઈકલ જેક્શનની માફક ‘મુન-વોક’ લેવાના હોય એવી ચાલમાં રીધમ આવી જાય..! આપણે ત્યાં તો સબ ભૂમિ ગોપાલકી..! સામેથી નિમંત્રણ આપતી હોય કે, ‘આ જા આ જા મૈં હું પ્યાર તેરા...!’ ગમે ત્યાં કાર્યક્રમ સંપન્ન કરી લેવાય. કુદરતી ચેષ્ટાનો નિયમ છે કે, એમાં બળજબરી નહિ કરાય..! રોકે તો પણ ક્યાં સુધી રોકે યાર..? એમાં expiry date જેવું તો કંઈ આવે નહિ..! એ તો જેને વીતે એને જ સમજાય કે delay કેટલું ‘ડેન્જર’ હોય! આ ગીતના માધ્યમ દ્વારા આજે એ જ વાત કરવા આવ્યો છું કે, આશિકો માટે ભલે આ પ્રેમ-ગીત હોય, પણ જેને એકદમ ‘લાગી’ હોય, ઉકેલનાં કોઈ સરસંધાન મળતાં ના હોય, ત્યારે આ ગીત દ્વારા જાતક અકળામણને ટાળવાની ‘ટાઢક’ લેતો હોય. અટક્યું તો અટક્યું, નહિ તો પછી ‘અયય્યાઆઆ.... ભીનું ભીનું..!’ જે થાય તે પંજેલી લેવાનું..! આ એક વિકટ સમસ્યા છે મામૂ..! પ્રજાનો તાતો પ્રશ્ન છે. જેના ‘સોલ્યુશન’ માટે ચૂંટણી ટાણે આ મુદ્દો ઉઠાવવો જોઈએ. નેતાઓને પણ આપણા જેવી ‘લાગતી’ તો હશે જ ને..? આ પણ એક કુદરતી કહેર છે. આ મુદ્દે પણ ‘પ્રજા-વત્સલ’ નિર્ણયો લેવા જોઈએ અને પ્રજાને મુસીબતમાંથી મોક્ષ આપવો જોઈએ. યાદ આવતું હોય તો, ટી.વી.માં ઘણી જાહેરાત આવે છે કે, મુસાફરી કરતા હોય ત્યારે ઘડીક બેસવા માટે, રેડીમેઈડ ‘ફોલ્ડીંગ સ્ટુલ’ મળે છે. કોઈને ‘લાગી’ હોય તો તત્કાળ રાહત મળે તેવા હેન્ડી ફોલ્ડીંગ વોશરૂમ પણ બનાવવા જોઈએ. એ નહિ તો, ૧૦૮ જેવી ‘શૌચાલય-વાન’ પણ રખાય. જેથી એકદમ ‘લાગી’ હોય અને અમુક નંબર લગાવો એટલે તત્કાળ આવી જાય. શું કહો છો ચમનિયા..? જાતકને પરમ શાંતિ મળી જાય, બીજું શું . . ? (ખીખીખીખી શું કરો છો..? જાણે તમને તો લાગતી જ ના હોય..!) દરેકને આવો પ્રોબ્લેમ હોય..! જોરથી ‘લાગે’ ત્યારે છ ફૂટનો માણસ પણ બેવડ વળીને અડધો થઇ જાય. ચહેરો બાફેલા રીંગણ જેવો થઇ જાય. તંઈઈઈઈ..? મહાભારતમાં પાંડવોને વિજય અપાવવા માટે શ્રીકૃષ્ણની કૂટનીતિ અનુસાર, પાંડવોએ દ્રોણાચાર્યને નિ:શસ્ત્ર કરેલા એમ, જેને એકદમ ‘લાગી’ હોય ને, એની હાલત પણ શસ્ત્ર વગરના યોદ્ધા જેવી થઈ જાય. નહિ કહેવાય, નહિ સહેવાય. નહિ કોઈને પુછાય કે મને કોઈ મારગ બતાવો..! વિદેશમાં ફરવા ગયેલો ત્યારે એક ખતરનાક અનુભવ થયેલો. એવી સખત લાગેલી કે, આજુબાજુ શોધેલું ‘વોશરૂમ’ નહિ મળે ને મારા ઉપર કોઈએ મૂઠ મારી હોય એવી શરીરમાં બેચેની આવી ગયેલી. ભટકેલ મન પણ ચીહાળા પાડે કે, જલ્દી ઉકેલ લાવો...જલ્દી ઉકેલ લાવો..! પીડા એવી થવા માંડી કે, હું રામ રટણ કરતો થઇ ગયો. ‘હે દીનાનાથ..! મને તું વિકટ સ્થિતિમાં નહિ નાંખતો, મારી લાજ રાખજે..! નહિ તો મારા દેશની લાજ બગડશે..! જેટલું રામ-રટણ કર્યું, એટલામાં કદાચ ભગવાન મળી ગયા હોત, પણ મને ‘વોશરૂમ’નહિ મળ્યું ...! કોલંબસને અમેરિકા મળેલો એમ, એકાદ રળ્યું-ખડયું શૌચાલય મળ્યું તો ખરું, પણ ત્યાં તાળું વાસેલું જોયું, ને હાલત ઔર બગડી. સંસ્કારી રહ્યા એટલે કોઈ ‘શોર્ટકટ’ તો લેવાય નહિ..! હું પણ આ ગીત ગાતો રહ્યો કે, ‘મારી લાજ તમારા હાથે હરિ સંભાળજો રે..! અટક્યું તો ઠીક, નહીં તો હોનીકો કૌન ટાલ શકતા હૈ બાબા.! પણ એક વાત શીખવાની મળી કે, દેશમાં ‘લાગે’ તો અનેક ઉપાય મળે, બાકી વિદેશ જાઓ તો, સાથે એકાદ ‘ડાયપર’ પણ લેતા જવાનું..!

ગામડે ફરવા જાઓ તો કોઈ ઝંઝટ જ નહિ. સબ ભૂમિ ગોપાલકી..! ઘરે ભલે ત્રણ લાખનું બાથરૂમ વાપરતા હોઈએ, પણ ગામડાંમાં લોકો કરોડ-કરોડના વોશરૂમ વાપરે. ગામડામાં એક વીંઘાની જમીનનો ભાવ કરોડ રૂપિયા જેટલો હોય..! જ્યાં પણ ભૂમિદાન કરવાની ઈચ્છા થાય ત્યાં કરી શકો..!

### લાસ્ટ બોલ

બસ સ્ટેન્ડ ઉપર ફાંફા મારતા એક ભ’ઈને રોકીને પૂછ્યું, ‘ ’એસક્યૂઝ મી...! અહીં આજુબાજુ કોઈ વોશરૂમ ખરું? પેલો કહે, ‘ક્યારથી શોધો છો?’ મેં કહ્યું દશેક મિનીટ થઇ હશે..! મને કહે, ‘ કલાકથી તો હું શોધું છું, ને તમને દશ મીનીટમાં ઉકેલ જોઈએ?
આપણે રહ્યા સુરતી, ડેપોની પૂછપરછ બારી ઉપર જઈને પૂછ્યું કે, ‘સર..! વોશરુમ ક્યાં આવ્યું..?
મને કહે, ‘ભારે વરસાદના કારણે એ રૂટની બસ બંધ કરવામાં આવી છે ભાઈ..! તારા કપાળમાં કાંદા ફોડું...!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.